ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૩-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### દેશને જરૂર છે એક અભિનવ ઇંદિરાની

કાશ્મીરને કવિ અટલબિહારી વાજપેયી ભારતમાતાનું શિર કહી બિરદાવતા એ વાત કદાચ આજના નેતાઓને વીસરાઈ પણ ગઈ હોય. પરંતુ કાશ્મીર પાકિસ્તાન માટે રોજિંદું હાથવગું હથિયાર છે અને હિન્દુસ્તાન માટે શિરોદર્દ રૂપ સમસ્યા છે એ આખી દુનિયા જાણે છે. છેલ્લે વૈશ્વિક સ્તરે થયેલા સર્વેક્ષણમાં દુનિયાના માથે અણુયુદ્ધનું મોટું જોખમ છે અને તે ભારત-પાકિસ્તાન વચ્ચેના કાશ્મીર મુદ્દાને કારણે ઊભું થયું છે - તેવું તારણ નીકળ્યું હોવાનું પણ અજાણ્યું નથી. કાશ્મીરને પૃથ્વી ઉપરનું સ્વર્ગ સમજી પ્રવાસી અલબેરૂનીએ ઉચ્ચારેલા સૌદર્ય બોધક ઉદ્‌ગારો 'હમીં અસ્તો હમીં અસ્તો' હવે લકઝ્યુરિયસ સ્કીમો મૂકનારા બિલ્ડરોની જાહેરખબરોની શોભા બની રહ્યા છે. કાશ્મીરની પ્રજાને જઈને પૂછો તો ખબર પડે કે એ સ્વર્ગ એમને કેટલું મોંઘું પડી રહ્યું છે. બિચારા મહેનતકશ કાશ્મીરી મુસલમાનોને તો બે બાજુથી પિસાવું પડે છે. એમને વળી ભારત-પાકિસ્તાન શું? મહારાજા હરિસિંહના રાજમાં એમને કોઈ તકલીફ નહોતી. કાશ્મીરી પંડિતો અને મુસલમાનો વચ્ચે ઉમેળકાભર્યા અંતરંગ સંબંધો હતા. ફક્ત માટીની જ નહીં, લોહીની સગાઈ પણ હતી જ. મોટાભાગના કાશ્મીરી મુસલમાનો દસ - વીસ પેઢીઓ પૂર્વે ધર્મ પરિવર્તન કરી ઈસ્લામના અનુયાયી બન્યા છે છતાં એમણે એમની મૂળ અટકો જાળવી રાખી છે. કાશ્મીરની ભૌગોલિક પરિસ્થિતિએ એક તરફ એને ભારતનું સ્વિટ્ઝર્લેન્ડ બનાવી દીધું છે, દુનિયાભરના પ્રવાસીઓ માટે એ આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે; તો બીજી તરફ કટ્ટરપંથી પરિબળોને પોષીને પાડોશી મુલકે એને જીવતા દોઝખમાં ફેરવી દીધું છે. ભાગ્યે જ એકાદ અઠવાડિયું લોહી ભીનું થયા વગર પસાર થતું હશે. હિઝબુલ મુજાહિદીન અને લશ્કરે તૈયબા જેવાં આતંકવાદી સંગઠનો પાકિસ્તાનની શેહ પર કાશ્મીરનું કોકડું સળગતું રાખવાની કોઈ તક જતી કરતાં નથી. કાશ્મીરનાં રાજકીય પરિબળો પણ આ મુદ્દે ભારતીય જવાનોના નૈતિક બળને નબળું પાડવાનો જ અભિગમ અપનાવતાં રહ્યાં છે. તાજેતરમાં ક્રિકેટરોના વેશમાં આવેલા આતંકવાદીઓએ નિઃશસ્ત્ર સીઆરપીએફ કેમ્પ પર ઘાત લગાવીને હુમલો કર્યો અને એમાં પાંચ જવાનો શહીદ થઈ ગયા, તથા પંદર જવાનો સહિત અઢાર જેટલા માણસો ઘાયલ થઈ ગયા. શહીદોના માનમાં યોજાયેલ શ્રદ્ધાંજલી સમારંભમાં હાજરી આપવા ન તો કોઈ નેતા ઉપસ્થિત રહ્યા કે ન કોઈ વહીવટી અધિકારી. દેખીતું છે કે કોઈ શંકાસ્પદ નાગરિકના અવસાન પર હોબાળો મચાવી દેતા કાશ્મીરનું કેન્દ્ર સરકારમાં પ્રતિનિધિત્વ કરતા ફારૂક અબ્દુલ્લા અને મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા આવા ગંભીર શોક પ્રસંગે હાજર તો ન રહ્યા, ઉપરાંત ઘા પર મીઠું ભભરાવતા હોય એમ ઓમર ફારુક અબ્દુલ્લા એમની જૂની માગણી પર અડગ રહ્યાં છે કે અહીંથી વહેલામાં વહેલી તકે 'આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર એક્ટ' (આફસ્પા) હટાવવો જ પડશે. સૈનિકોનું લોહી વહેતું રહે છે, જવાનોને ફક્ત દંડા સાથે જ-હથિયાર વગર ફરજ પર હાજર રહેવાના આદેશ અપાતા રહે છે અને બદમાશ આતંકવાદીઓ એમનો ધૃણાસ્પદ ઉદ્દેશ પાર પાડીને જંપે છે. દેખીતું છે કે એથી સૈનિકોનું મનોબળ તૂટી જાય, શહીદોના સન્માન માટે લોકસભામાં શ્રદ્ધાંજલી અપાઈ રહી હતી ત્યારે સરકારની પહેલી હરોળના કોઈ નેતા સદનમાં હાજર નહોતા તે શું સૂચવે છે? પાકિસ્તાનના વડાપ્રધાન અજમેરના ખ્વાજા દરબારમાં હાજરી ભરવા આવ્યા ત્યારે 'વિવેક' સમજીને કેન્દ્ર સરકારે એના વિદેશમંત્રીને જયપુર મોકલી એમની શાહી મહેમાનગતિ કરી. એના ગણતરીના જ દિવસોમાં કાશ્મીરના શ્રીનગર પંથકમાં જ ફિદાઈન હુમલો કરી નિઃશસ્ત્ર જવાનોના જીવ લેનાર આતંકવાદીઓ પાસેથી મળેલ હથિયારો તથા ડાયરી દ્વારા જાણવા મળ્યું છે કે તેઓ પાકિસ્તાની હતા. ગૃહમંત્રીએ લોકસભામાં આપેલા નિવેદનમાં પણ આ વાત સ્પષ્ટ રીતે કબૂલી છે. કોણ જાણે મનમોહનસિંહની આ સરકાર આટલી હદે નમાલાપણું દર્શાવી શું મેળવવા માગતી હશે!



આદર્શ નિવાસી શાળા અનુસૂચિત જાતિ સેક્ટર-૧૩ ગાંધીનગર ખાતે આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ધોરણ-૮ થી ૧૧ની વિદ્યાર્થિનીઓ માટે ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા ચિંતક કેળવણીકાર જ્યોતિબેન થાનકી તેમજ સ્માર્ટ એકેડેમીના ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે વિદ્યાર્થિનીઓને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. સ્પર્ધામાં જયશ્રી ખેતિયા, રેખાબેન ભટ્ટ, કુસુમનબેન, સી. એલ. મહેતા, ભરતભાઈ કવિ, હસમુખ મેકવાન વગેરેએ સહયોગ આપ્યો હતો.

## આર.એન. લલિતકલા એકેડમીનો વાર્ષિકોત્સવ સાધના-૨૦૧૩ સંપન્ન

ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીનો તાજેતરમાં વાર્ષિકોત્સવ 'સાધના-૨૦૧૩' કાર્યક્રમ સંસ્થાના શેઠ શ્રી ખીમજી વીશરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે યોજાયો હતો.

સાધના ૨૦૧૩ વાર્ષિકોત્સવમાં કે.જી.થી કોલેજ સુધીના બાળ કલાકારો તથા યુવા કલાકારો દ્વારા પ્રાર્થના, મહિસાસૂર મર્દિની સ્ત્રોત્રમ, ભરતનાટયમ્, કથક, બેબી ડાન્સ, ફોક ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, ફેશન શૉ, શાસ્ત્રીય ગાયન વાદન, કરાટે સહિત ૧૬ જેટલી કૃતિઓની રંગારંગ રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા દિનાબેન ડોડિયા તથા વિવિધ કલાના શિક્ષકો સર્વશ્રી શકુંતલાબેન ઓઝા, સેનસાઈ સેલ્વાકુમાર, દર્શનભાઈ, પારૂલબેન ઉપાધ્યાય, વસીમ મનસુરી, પુલકીતભાઈ આશાબેન પટેલ, જયદીપભાઈ, કોમલબેન, ગજેન્દ્રસિંહ, જયશ્રીબેન પટેલ, કિંજલબેન વગેરેએ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી.

વાર્ષિકોત્સવમાં અધ્યક્ષ તરીકે સંસ્થાના મંત્રી ભરતભાઈ પટેલ, ઉદઘાટક તરીકે નાયબ સચિવ ભાવેશ એરડા, આંકડા મદદનીશ મેઘલ એરડા, દિવ્યાબેન પંડયા અને સંસ્થાના આચાર્યા તથા મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને સર્ટીફીકેટ તથા મેડલ મોમેન્ટો અર્પણ કર્યા હતાં.

## આજે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જૈવિક વિવિધતા વિષય પર કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

વન અને પર્યાવરણ મંત્રાલય ભારત સરકાર નવી દિલ્હી તથા વિકસત અમદાવાદનાં સહયોગથી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે 'રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત જન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જૈવિક વિવિધતાનું સંરક્ષણ વિષય પર કાર્યશાળાનું આયોજન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આજે તા. ૧૫મી માર્ચે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જૈવિક વિવિધતાનું સંરક્ષણ વિષય પર કાર્યશાળાનું આયોજન સેન્ટર ખાતે સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના નિવૃત્ત પી.આર.ઓ.નરેશ ઠક્કર, જૈવિક વિવિધતા પર પ્રદુષણની અસર પર વ્યાખ્યાન રજૂ કરશે. ત્યારબાદ હેમંતભાઈ સુથાર વન વિભાગ જે ગુજરાતની જૈવિક વિવિધતા અને તેનું સંરક્ષણ વિષય પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપશે. અનિલભાઈ પટેલ નિસર્ગ સાયન્સ સેન્ટર સેન્ટર જૈવિક વિવિધતાનું મહત્વ પર વિદ્યાર્થીઓને સમજ આપશે. નિસર્ગ સેન્ટર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ગાંધીનગરની જુદી જુદી માધ્યમિક શાળાઓના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

## આજે ધોરણ ૧૦માં દ્વિતીય ભાષા અંગ્રેજી પેપર પુછાશે

ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા તેના અંતિમ પડાવમાં પહોંચી ચુકી છે જેમાં શુક્રવારે વિદ્યાર્થીઓ દ્વિતીય ભાષા અંગ્રેજીનું પેપર આપશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રથમ ભાષા ગુજરાતીનું પેપર આપશે.

શુક્રવારે ધોરણ ૧૦માં દ્વિતીય ભાષા અંગ્રેજીનું પેપર યોજાશે. મોટાભાગના વિદ્યાર્થીઓ માટે શુક્રવારનું પેપર આખરી પેપર હશે ત્યાર બાદ શનિવારે દ્વિતીય ભાષા હિન્દી, સિંધી, સંસ્કૃત, ફારસી અને અરબીનું પેપર લોશે. જો કે મોટાભાગના વિદ્યાર્થીઓ દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજી વિષય પસંદ કર્યો હોવાથી શુક્રવારનું પેપર આખરી બની રહેશે. ધોરણ ૧૦ના અત્યાર સુધીના પેપર પાઠ્યપુસ્તક આધારિત પુછાયા હોવાથી દરેક પેપરમાં ૧૦ કે તેથી વધુ માર્કસના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ ગુંચવાતા હતા તેથી વિદ્યાર્થીઓ શુક્રવારનું અંગ્રેજીનું પેપર સરળ નિકળે તે માટે આશાવ્યક્ત કરી રહ્યા છે. બીજીબાજુ ધોરણ ૧૨ સાયન્સ(જૂનો કોર્ષ) અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રથમ ભાષાનું પેપર આપશે. પ્રથમ ભાષા તરીકે મોટાભાગના વિદ્યાર્થીઓએ ગુજરાતી પસંદ કરી હોવાથી ગુજરાતીનું પેપર લેવાશે. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ પ્રથમ ભાષા તરીકે હિન્દી, મરાઠી, ઉર્દુ, સિંધી, તમિલ અને અંગ્રેજીના પેપરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસો.ના પ્રમુખ વિપુલ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસીએશનની નવા વર્ષનાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમખ - વિપુલ પટેલ, ઉપપ્રમુખ રાકેશભાઈ ભટ્ટ, સેક્રેટરી ગુરૂબક્ષ સિંગ આનંદ, જોઈન્ટ સેક્રેટરી ચિરાગ ચેબા, ટ્રેઝરર - નીતિશભાઈ શેઠ, ટેકનીકલ એડવાઈઝર રામમિલન યાદવ, આસી. ટેકનીકલ એડવાઈઝર પંકજભાઈ ઉપાધ્યાય, કારોબારી સભ્યો, એડવાઈઝર પંકજભાઈ ઉપાધ્યાય. કારોબારી સભ્યો - દિક્ષિત સકસેના, સંજય મોદી, ભગવાન મિલન યાદવ, રાજગોપાલ ઐયર, તુષાર રાઠોડ, અશોક રાઠોડ.



સેક્રેટરી ગુરૂબક્ષસિંગ આનંદે આભાર વ્યક્ત કરેલ હતો.

## JEE મેઈન-૨૦૧૩ના પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર.આર. વરસાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે એપ્રિલ માસમાં લેવાનાર સી.બી.એસ.ઈ. દ્વારા સંચાલિત JEE મેઈન-૨૦૧૩ પ્રવેશ પરીક્ષાના વિદ્યાર્થીઓએ પોતાની ક્વોલીફાઈંગ એક્ઝામનો રોલ નંબર અપડેટ કરવાનો છે અને તે માટેની છેલ્લી તારીખ ૨૦મી માર્ચ-૨૦૧૩ છે. જેનો સૌ ધોરણ-૧૨ સાયન્સ ગ્રુપ-એના વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

ધોરણ-૧૨ સાયન્સ ગ્રુપ-એના વિદ્યાર્થીઓએ JEE મેઈન-૨૦૧૩ની વેબસાઈટ પર પોતાની ક્વોલીફાઈંગ એક્ઝામનો રોલ નંબર અપડેટ કરવાનો છે. ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓએ આ માટે પોતાના ધોરણ-૧૨ સાયન્સના બીજા સેમેસ્ટર એટલે કે ધોરણ-૧૧-૧૨ના ચોથા સેમેસ્ટરના રોલ નં. કે જે B થી શરૂ થાય છે તે ભરવાનો રહે છે. આ માહિતી વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. વધુમાં જે વિદ્યાર્થીઓએ ચોથા સેમેસ્ટરની કોમન સ્ટુડન્ટ આઈડીની વિગતો ભરેલી છે તેમણે કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. એમ બોર્ડ દ્વારા જણાવાયું છે.



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં સમાજ સેવાની સુંદર કામગીરી નવતર પ્રયોગ દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કેન્ટીન ડે ઉજવણી અંતર્ગત ૨૭ કાઉન્ટર બનાવી તેમાંથી ઉપજેલી રકમને સમાજના જરૂરીયાતમંદ વર્ગના લોકોને આપી સેવાની કામગીરી કરવામાં આવી હતી. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા કેન્ટીન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીઓના ૨૭ કાઉન્ટર બનાવ્યા હતા. આ દિવસે એકઠી થયેલ રકમ સમાજના જરૂરિયાતમંદ વર્ગને મદદ કરી શકાય તે હેતુસર એકઠી કરી હતી. આજના કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માત્ર ભણવામાં અથવા માતા-પિતાના પૈસે હરવા ફરવામાં સમય વ્યક્ત કરતા હોય છે. આજના આ યુગમાં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓએ સમાજસેવાની કેડી પર ચાલતા ગાંધીનગરના સેક્ટર-૭માં ચાલતા ચાઈલ્ડ હેવનમાં રહેતા અનાથાશ્રમના વિદ્યાર્થીઓને જરૂરી નોટ ચોપડા અને વર્ષ દરમિયાન કામે આવે તેવી સ્ટેશનરી પહોંચાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચેરમેન ડૉ. તારક એચ. ઠક્કરે, આચાર્યા કુમારી પી.એ. વાઢેરાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સંસ્થાના કાર્યકારી આચાર્ય પી.એસ. પટેલે તમામને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં જી.એસ. અતુલ અને તેના મિત્રોએ ખુબજ જહેમત લીધી હતી.

## ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટસ એસોસીએશનના વિમેન્સ સેલના અધ્યક્ષ નિમાયા

આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંઘના પેટ્રન સુપ્રિમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ પી.એન. ભગવતી તથા રાષ્ટ્રિય અધ્યક્ષ ડૉ. ડેવીડ રાજની મંજુરીથી અને ગુજરાત વીજીલન્સ સેલના અધ્યક્ષ અશોક રોડીયા તથા ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષની ભલામણથી ગાંધીનગર જિલ્લા માટે સંસ્થાના વિમેન્સ સેલના અધ્યક્ષ તરીકે શ્રીમતી વર્ષાબેન જે. છત્રારીયાની નિમણૂંક થયેલ છે. માનવ અધિકારની મહિલાઓ સંબંધિત સમસ્યાઓ માટે તેઓનો ફોન નંબર ૨૩૨૪૩૦૮૬ અથવા ૯૭૩૭૦૭૪૦૨૩ પર સંપર્ક કરવા જાહેર જનતાને જણાવવામાં આવે છે.

## પરીક્ષા ટિપ્સ : શું, ક્યારે, કેવી રીતે અને કેટલું વાંચવું ?

ગાંધીનગર, તા. ૧૪

માર્ચ એપ્રિલનો મહિનો એટલે પરીક્ષાઓનો સમય, બોર્ડની પરીક્ષા હોય કે સામાન્ય. પરીક્ષાનું ટેન્શન થાય તેવો કોઈ વિદ્યાર્થી નથી હોતો. સામાન્ય વિદ્યાર્થીઓને પાસ થવાનુ ટેન્શન તો હોંશિયારને વધુમાં વધુ ટકાવારી લાવવાનું ટેન્શન. પરીક્ષામાં પાસ થવું ખુબ જ સહેલુ છે, બસ જરૂર છે યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય રીતે કરવામાં આવેલ અભ્યાસની.

ઓછા સમયમાં વધુ નંબર - જેઓ પહેલાથી મહેનત નથી કરતા તેવા વિદ્યાર્થીઓને રાતોરાત મહેનત કરી પરીક્ષા પાસ કરી નાંખવી છે. આવું બહુ ઓછા કેસમાં બનતું હોય છે. તમારે ધૈર્યથી કામ લેવું પડશે. પરીક્ષા માટે લાંબાગાળાનું પ્લાનિંગ બનાવો. પરીક્ષાના એક મહિના પહેલાથી તૈયારી કરવી જોઈએ.

વાંચવાના પોઈન્ટ - તમે કેટલું વાંચો છો તેનાથી મહત્વનું છે તમે શું વાંચો છો અને કેવી રીતે વાંચો છો. ઘણા મિત્રો દિવસના ૧૪ થી ૧૫ કલાક વાંચતા હોવા છતાં પરીક્ષામાં સફળતા નથી મેળવી શકતા. કદી રટશો નહી. હંમેશા પોઈન્ટ યાદ રાખો. પોઈન્ટ દ્વારા સમજો કે તમારે તેમાં સવિસ્તાર શું લખવાનુ છે.

યોગ્ય સાહિત્ય - તમે યોગ્ય સાહિત્ય વાંચો એ ખુબજ મહત્વનું છે. આ બાબતમાં અમે તમારી સહાયતા કરતા આનંદ અનુભવીશું. કઈ પણ વાંચતા સમયે તમારા વિષય અને પેટા વિષયને અવસ્ય ધ્યાનમાં રાખો. તમે જે પહેલાથી વાંચતા હોય તેને જ પકડી રાખો. ક્યારેક ગાઈડ તો ક્યારેક અપેક્ષિત તો ક્યારેક શાળા-કોલેજમાં શિક્ષકે લખાવેલ ઉત્તરો. એમ કરશો તો મુંઝવણમાં પડી જશો. કારણ કે દરેકની લખવાની શૈલી જુદી જુદી હોય છે. તમારા વાંચવામાં ગુણવત્તાનો વધારો કરો. મતલબ તમે જે વાંચો છો તે પુરા મનથી, રસથી અને આનંદથી વાંચો.

એકલા વાંચવાને બદલે સારા ગ્રુપનો સહારો લો. મહત્વના વિષયો પર ચર્ચા કરો. કામના મુદ્દાની નોંધ તૈયાર કરો અને નાની નાની વાતોને પણ ધ્યાનમાં લો. અને આખરમાં અમરી વેબસાઈટની અવારનવાર મુલાકાત લો. તમારી પ્રેરણા અને આદર્શોને હંમેશાં તમારા મનમાં રાખો અને તમારી સફળતા માટે હંમેશા હકારાત્મક બનો પછી જુઓ સફળતા છે ને તમારી !

## સે-૧૫માં ખેત પાકોના પરિક્ષણ માટે આધુનિક લેબોરેટરી બનશે

### ખેડુત તાલીમ કેન્દ્રના નિર્માણનું કામ ટૂંકમાં શરુ થશે : ૩ કરોડના ખર્ચે નવું બિલ્ડીંગ બનશે

ગાંધીનગર, તા.૧૪

સે-૧૫ ખાતે આધુનિક ખેડૂત તાલિમ કેન્દ્રના નિર્માણ પાછળ રૂ. ૩ કરોડનો ખર્ચ થશે. જૂના તાલીમ કેન્દ્ર નજીક સુવિધાયુકત નવું કેન્દ્ર અસ્તિત્વમાં આવશે. એક માળના બિલ્ડીંગમાં વિવિધ પાકોના પરિક્ષણ માટે લેબોરેટરી પણ બનશે.

સેકટર-૧૫માં હાલ નાયબ નિયામક ખેડૂત તાલમ કેન્દ્રની કચેરી આવેલી છે જયારે આ બિલ્ડીંગની બાજુમાં નવું તાલીમ કેન્દ્ર બનાવાશે. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ય થતી મહિતી અનુસાર જૂના બિલ્ડીંગની બાજુમાં ગ્રાઉન્ડ પ્લસ વન તેમ નવું બિલ્ડીંગ બનાવાશે. જેમાં હોલ, ઓફિસ ઉપરાંત વિવિધ ખેતપાકોના પરીક્ષણ માટે નવી લેબોરેટરી બનશે. અદ્યતન લેબોરેટરીના લીધે ખેડૂતોને પણ પાક સંબંધિત જરુરી બાબતોનું પરીક્ષણ અને માહિતી મેળવવાનું વધુ સરળ બનશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩ કરોડનો ખર્ચ થશે. જયારે આ કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેથી ટૂંકમાં કામ શરુ કરી દેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે જૂની સરકારી કચેરીઓને કોર્પોરેટ ટચ આપવા ઉપરાંત તંત્ર દ્વારા નવા બિલ્ડીંગો બનાવવાનું કામ પણ હાથ ધરાયું છે. સે-૧૫માં મહિલા આઈ.ટી.આઈ.નું બિલ્ડીંગ ઉભું કરવા માટે પણ કામ શરુ કરી દેવાયું છે. જયારે ખેડૂત તાલીમ કેન્દ્ર બનાવવાનું કામ પણ ટૂંકમાં જ શરુ કરી દેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

## સરકારી પોલીટેકનીક, ગાંધીનગર ખાતે વિશ્વ મહિલાદિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

સરકારી પોલીટેકનીક, ગાંધીનગર અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૨-૩-૨૦૧૩ના રોજ સરકારી પોલીટેકનીક ખાતે કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ.

વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓમાં જાગૃતિ લાવાના ઉદ્દેશ સાથે યોજાયેલ આ શિબિરમાં ઉપસ્થિત ગાંધીનગર જિલ્લાના એડીશનલ સિવીલ જજ સુશ્રી એમ.એન. ઉકાણી અને સુશ્રી ડી.એમ. પંડયા દ્વારા શિબિરમાં ઉપસ્થિત આશરે ૧૧૫ વિદ્યાર્થીનીઓ તથા મહિલા સ્ટાફ મેમ્બર્સને મહિલાઓને લગતા કાયદાઓની પ્રાથમિક અને વિગતવાર સમજ સરળ શૈલીમાં આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પોલીટેકનીક સંસ્થાના આચાર્ય શ્રી વી.એન. ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સંસ્થાના વર્ગ-૧ના ખાતાના વડાના અદઈકારી શ્રી આર.આર. મંચીગંટી તથા શ્રી એ.ડી. પટેલ પણ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ સુશ્રી રુપલ મર્ચન્ટ દ્વારા અને કાર્યક્રમનું સફળ સંચાલન આશાબેન સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.